# અવતારનો મહિમા

અને ગામ ફણેણીમાં મંદિરની જગા છે ત્યાં હાલ બેઠક છે ત્યાં રામાનંદ સ્વામી દેહ ત્યાગ કરીને ધામમાં ગયા, ત્યાર પછી શ્રી સહજાનંદ સ્વામી પોતાના ગુરુની દેહ ક્રિયા કરીને તેની ધર્મધૂર ઉપાડી લેતા હવા. ને તે સ્વામીના જે આશ્રિત તેમની સત્શાસ્ત્રના ઉપદેશે કરીને સંભાવના કરતા હવા, ને તેમને પોતાનો અલૌકિક પ્રતાપ દેખાડીને પોતાને વિષે તેમનાં ચિત્તને તાળી લેતા હવા નેકેટલાક મનુષ્યને સમાધિ કરાવતા હતા. લોજમાં તે પ્રતાપને જોઇને વ્યાપકાનંદ સ્વામીને શ્રીજી મહારાજના સ્વોપનો સર્વોપરિ નિશ્ચય નહોતો થાતો. તેથી તે વ્યાપકાનંદ સ્વામીને પણ સમાધિ કરાવીને અક્ષરધામને વિષે અનંતકોટિ મુક્તે સહિત પોતાનું દર્શન કરાવ્યું તો પણ નિશ્ચય ન થયો. ત્યારે શ્રીજીમહારાજે ક્હ્યું જે, 'આ સર્વે મુક્તની એકકળાવિચ્છિન્ન પૂજા કરો ને તમારે વિષે લીન કરો.' ત્યારે વ્યાપકાનંદ સ્વામીયે ક્હ્યું જે, 'હે મહારાજ એમ કેમ થાય?' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, 'તમે એમ સંકલ્પ કરો જે આ રામાનંદ સ્વામી ભગવાન હોય તો તેમના સામર્થ્યે કરીને હું એટલા ૃપે થાઉં.' ત્યારે તેમણે એમ સંકલ્પ કર્યો તો પણ અનંત રુપે ન થવાણું. ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, 'ચોવિશ અવતારનાં નોખાં નોખાં નામ લઇનેસંકલ્પ કરો,જે એ પુરુષોત્તમ ભગવાન હોય તો તેમના સામર્થ્યે કરીને હું અનંત રુપે થાઉં.' ત્યારે તેમણે એમકર્યુ તો પણ અનંત રુપે ન થવાણું. ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, 'અમારું નામ લઇને સંકલ્પ કરો જે જો સહજાનંદ સ્વામી સર્વ અવતારના અવતારી પુરુષોત્તમ ભગવાન હોય તો હું અનંત રુપે થાઉં.' પછી શ્રીજી મહારાજનું નામ લીધું ત્યારે અનંત રુપે થવાણું ને સર્વ મુક્તની એકકળાવિચ્છિન્ન પૂજા કરીને સર્વ મુક્તને પોતાને વિષે લીન કર્યા. ત્યારે એવા પ્રતાપને જોઇને વ્યાપકાનંદ સ્વામીને શ્રીજી મહારાજને વિષે સર્વ અવતારના અવતારી પુરુષોત્તમપણાનો નિશ્ચય થયો પછી સમાધિમાંથી ઉઠ્યા ત્યારે શ્રીજી મહારાજે ક્હ્યું જે, 'તમારે સમાધિમાં જેવી રીતે દેખાણું હોય તેવી રીતે આ સર્વેને ક્હો.' ત્યારે વ્યપકાનંદ સ્વામીયે ક્હ્યું જે, 'આ શ્રીજી મહારાજ તો સર્વ અવતારના અવતારી ને અક્ષરધામના પતિ છે તે માટે રામાનંદ સ્વામી તથા પૂર્વે થયા જે રામ કૃષ્ણાદિકભગવાનના અવતાર તે સર્વે શ્રીજી મહારાજની મૂર્તિને વિષે લીન થયા, એમ મે અક્ષરધામમાં દીઠું. માટે આ શ્રીજી મહારાજ સર્વોપરિ ભગવાન છે.' ત્યારે તે વ્યાપકાનંદ સ્વામીની વાત સાંભળીને રામાનંદ સ્વામીના નિશ્ચયવાળા તથા બીજા મતવાળા હતા તેમના માન્યામાં વાત આવી નહિ. ત્યારે તે સર્વેયે શ્રીજી મહારાજની પ્રાર્થના કરીને ક્હ્યું કે, 'હે મહારાજ ! આ વાત અમારે સર્વને સમજ્યામાં આવતી નથી. માટે અમને જે રીતે સમજાય તેવી રીતે કૃપા કરીને ક્હો.'ત્યારે શ્રીજી મહારાજે ક્હ્યું જે, 'તમે ધ્યાનમાં બેસો ને પોતપોતાના ઇષ્ટદેવને સંભારો તો એ વાત તમોને જેમ છે તેમ જણાશે.' ત્યારે તે સર્વે ધ્યાનમાં બેઠા. ત્યારે તેમને શ્રીજી મહારાજ પોતાની દ્રષ્ટિ માત્રે કરીને તે સર્વેને સમાધિ કરાવીને અક્ષરધામને વિષે અનંત મુક્તે સહિત પોતાની દિવ્ય મૂર્તિનું સાક્ષાત દર્શન કરાવતા હતા. તથા રામાનંદ સ્વામી તથા સર્વે અવતાર તે પોતાની સેવામાં દેખાડતા હતા. પછી પોતાની મૂર્તિમાં સર્વ અવતારને લીન કરી દેખાડતા હતા. તેમાં કેટલાંક મનુષ્યને શ્રીજી મહારાજનો અડગ નિશ્ચય થયો. પછી તે ભક્તને

શ્રીજી મહારાજ સમાધિમાંથી જગાડતા હતા. ત્યારે તે ભક્ત બોલ્યા જે, 'હે મહારાજ! તમે તો સર્વોપરિ પુરુષોત્તમ ભગવાન છો. માટે તમારા પ્રગટ પુરુષોત્તમપણાના નિશ્ચયમાં સંશય ન થાય એવી કૃપા કરો.' ત્યારેતે પ્રત્યે શ્રીજી મહારાજ બોલ્યા જે, 'આ પુરુષોત્તમ ભગવાન તો ક્યારેયઆ બ્રહ્માંડને વિષે આવ્યા નથી ને આવશે પણ નહિ. માટે આ તો સર્વોપરિ મૂર્તિ છે, તે આ નિશ્ચય ફરવા દેવો નહિ.' એમ શ્રીજી મહારાજ તેમના ઉત્સાહને અર્થે ને તેમની બુદ્ધિની દ્રઢતાને અર્થે, પોતાનું જે નાના પ્રકારનું ઐશ્વર્ય તે સમાધિયે કરીને દેખાડતા હતા. તેમાં કેટલાંક મનુષ્યને તો અક્ષરધામને વિષે અનંત મુક્તે સેવ્યા થકા પોતાની અલૌકિક મૂર્તિનું દર્શન દેતા હવા,ને કેટલાક મનુષ્યને તોગોલોકને વિષે લક્ષ્મી, રાધિકા ને શ્રીદામાદિક પાર્ષદે સહિત તે રુપે પોતાનુંદર્શન દેતા હતા, ને કેટલાકને વૈકુંઠલોકને વિષે લક્ષ્મી ને નંદસુનંદાદિક પાર્ષદે સહિત વિષ્ણુરુપે પોતાનું દર્શન દેતા હતા ને કેટલાકને શ્વેતદ્વીપને વિષે નિરન્ન મુક્તે સહિત મહાપુરુષ રુપે પોતાનું દર્શન દેતા હતા, ને કેટલાકને તો અવ્યાકૃત ધામને વિષે લક્ષ્મી આદિક શક્તિઓ અને પાર્ષદે સહિત ભૂમાપુરુષ રુપે પોતાનું દર્શન દેતા હતા, ને કેટલાકને તો બદ્રિકાશ્રમને વિષે મુનિયે સહિત નરનારાયણ રુપે પોતાનું દર્શન દેતા હતા, ને કેટલાકને તો ક્ષીર સમુદ્રને વિષે લક્ષ્મી ને શેષનાગે સહિત યોગેશ્વર રુપે પોતાનું દર્શન દેતા હતા, ને કેટલાકને તો સૂર્યના મંડળને વિષે હિરણ્યમય પુરુષ રુપે પોતાનું દર્શન દેતા હતા, ને કેટલાકને તો અગ્નિ મંડળને વિષે યજ્ઞપુરુષ રુપે પોતાનું દર્શન દેતા હતા, ને કેટલાકને તો પ્રણવના જે નાદ તે તતકાળ સંભળાવતા હતા, ને કેટલાકને તો કોટિ કોટિ સૂર્ય સરખું જે પોતાનું તેજ તે દેખાડતા હતા, ને કેટલાકને તો જાગ્રત સ્વપ્ન સુષુપ્તિ થકી પર ને સચ્ચિદાનંદ છે લક્ષણ જેનું ને દ્રષ્ટા છે નામ જેનું, એવું જે બ્રહ્મતેજ તે રુપે પોતાનું દર્શન દેતા હતા, ને કેટલાકને તો બ્રહ્માંડના આધાર ને પુરુષસુક્તને વિષે કહ્યા એવા જે વૈરાટપુરુષ તે રુપે પોતાનું દર્શન દેતા હતા, ને કેટલાકને તો ભૂગોળ ખગોળને વિષે રહ્યાં જે દેવતાનાં સ્થાનક ને ઐશ્વર્ય તેને દેખાડતા હતા, ને કેટલાકને તો આધારાદિક છ ચક્ર ને વિષે રહ્યા એવા જે ગણેશ આદિક દેવતાનાં સ્થાનક તેને પૃથક દેખાડતા હતા, ને ક્યારેક તો સોયે સો ગાઉને છેટે રહ્યા એવા જે પોતાના ભક્ત તેમને પ્રત્યક્ષ પ્રમાણ પોતાનું દર્શન દેતા હતા, ને ક્યારેક તો છેટે રહ્યા એવા જે પોતાના ભક્ત તેમણે પોતાના ઘરને વિષે શ્રીજી મહારાજની પ્રતિમાને આગળ ધર્યુ જે નૈવેધ તેને પોતપોતાના ભક્તને વિસ્મય પમાડતા થકા જમતા હતા, ને ક્યારેક તો દેહ ત્યાગને કરતા એવા જે પોતાના ભક્તજન તેમને પોતના ધામ પ્રત્યે લઇ જાવાને ઇચ્છતા થકા ત્યાં પોતે આવીને તે ભક્તના ગામને વિષે રહ્યા એવા જે બીજા ભક્ત તથા અભક્ત તેમને પણ પોતાનું સાક્ષાત દર્શન દેતા હતા. એવી રીતે મુમુક્ષુ નહિ એવા જે જન તેમને પોતાનાં અલૌકિક ઐશ્વર્ય દેખાડતા એવા જે શ્રી સહજાનંદસ્વામી મહારાજ તેમને જોઇને અતિશય વિસ્મયને પામ્યા એવા જે હજારો મનુષ્ય તે પોત પોતાના મતનો ને ગુરુનો ત્યાગ કરીને શ્રીજી મહારાજનું પ્રગટ પ્રમાણ ભજન કરતા હતા. પછી તે પ્રતાપને જોઇને ઘણાક જે મતવાદી તે શ્રીજી મહારાજ સગાથે વિવાદ કરવા આવ્યા પણ વાદે કરીને શ્રીજી મહારાજને

જીતવાને કોઇ સમર્થ ન થયા. ને પછી તે સર્વ મતવાદી શ્રીજી મહારાજનો અલૌકિક ઐશ્વર્ય પ્રતાપ દેખીને નમસ્કાર કરીને બોલ્યા જે, 'હે મહારાજ ! તમે તો પરમેશ્વર છો. માટે અમારા જે જે ઇષ્ટદેવ છે તેનાં દર્શન અમને કૃપા કરીને કરાવો.' એવી રીતે તેમનું પ્રાર્થના વચન સાંભળીને તે સર્વેને ધ્યનમાં બેસારીને પોતાને પ્રતાપે કરીને તેમને તત્કાળ સમાધિ કરાવતા હતા. પછી તે સર્વે શ્રીજી મહારાજનાં દર્શન માત્રે કરીને ખેંચાઇ ગયાં છે નાડી પ્રાણ જેમનાં એવા થકા પોતપોતાના હૃદયને વિષે પોતપોતાના ઇષ્ટદેવ રુપે શ્રીજી મહારાજને દેખતા હતા. તેમાં જે વલ્લભ કુળને આશ્રિત એવા વૈષ્ણવ હતા તે તથા મધ્વ સંપ્રદાયના હતા એ બે તો ગોપીના ગળે વિંટાણા ને વૃંદાવનને વિષે રહ્યા એવા બાળલીલાયે કરીને મનોહર મૂર્તિ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે રુપે દેખતા હતા. ને જે રામાનુજ સંપ્રદાયના હતા તે તો નંદ, સુનંદ ને વિશ્વક્સેન ને ગોડાદિક પાર્ષદે સહિત લક્ષ્મીનારાયણ રુપે દેખતા હતા. ને જે રામાનંદી  હતા તે તો સીતા, લક્ષ્મણને હનુમાને યુક્ત થકા દિવ્ય સિંહાસન ઉપર બેઠા એવા જે શ્રી રામચંદ્રજી તે રુપે દેખતા હતા, ને જે શંકરાચાર્યના મતવાળા હતા તે તો બ્રહ્મજ્યોતિ રુપે દેખતા હતા ને જે શૈવી હતા તે તો પાર્વતીને પ્રથમગણે સહિત જે શિવજી તે રુપે દેખતા હતા, ને જે સૂર્યના ઉપાસક હતા તે તો સૂર્યના મંડળના વિષે રહ્યા જે હિરણ્યમય પુરુષ તે રુપે દેખતા હતા, ને જે ગણપતિના ઉપાસક હતા તે તો મહા ગણપતિ રુપે દેખતા હતા ને જે દેવીના ઉપાસક હતા તે તો દેવી રુપે દેખતા હતા, ને જે જૈન હતા તે તીર્થંકર રુપે દેખતા હતા. ને જે યવન હતા તે તો પેગંબર રુપે દેખતા હતા. એવી રીતે સમાધિયે કરીને પોતપોતાના ઇષ્ટદેવ રુપે શ્રીજી મહારાજને જોઇને સર્વ અવતારના કારણ જાણીને પોતપોતાના મતનો ત્યાગ કરીને શ્રીજી મહારાજનો દ્રઢ આશ્રય કરતા હતા, ને પ્રગટ પ્રમાણ ભજન કરતા હતા. એવી રીતે શ્રી સહજાનંદજી મહારાજ જે તે પોતાના પ્રતાપે કરીને જીવનું જે મૂળ અજ્ઞાન તેનો નાશ કરતા થકા પૃથ્વીને વિષે નામ પામ્યો જે એકાંતિક ધર્મ તેનું રુડી રીતે સ્થાપન કરતા હતા ॥ ૩ ॥

દિવ ગામનો વાણિયો સંઘ કાઢીને દ્વારકાની જાત્રા કરવા જાતો હતો. તેને લોજપુરમાં શ્રીરામાનંદ સ્વામી મળ્યા તેણે ચમત્કાર દેખાડ્યો, તેણે કરીને તેમને ભગવાનપણાનો રામાનંદસ્વામીને વિષે નિશ્ચય થયો. પછી તે ભક્ત પાછો દિવ ગયો ને પછી ઘણા દિવસે પાછો દર્શને આવ્યો. ત્યારે રામાનંદ સ્વામી તો દેહ મૂકીને ધામમાં ગયેલા. પછી તે ભક્ત શ્રીજી મહારાજ પાસે આવીનેબેઠો. ત્યારે મહારાજ બોલ્યા જે, 'તમારે કાંઇ સંશય હોય તો આ બાળક લખમણ સમાધિવાળા છેતેને પૂછો.' ત્યારે તેમણે જે પ્રશ્ન પૂછ્યાં તે પશ્નના ઉત્તર સમાધિવાળા બાળકે કર્યા. એમ બાળક દ્વારા રામાનંદ સ્વામી જેવો શ્રીજી મહારાજે ચમત્કાર જણાવ્યો ત્યારે તે ભક્તે શ્રીજી મહારાજ પ્રત્યે ક્હ્યું જે, 'મહારાજ, હું પ્રથમ રામાનંદ સ્વામીને ભગવાન જાણતો હતો. પણ તે રામાનંદ સ્વામી જેવો આ બાળક્ને વિષે તમારે પ્રતાપે કરીને ચમત્કાર જણાણો. ત્યારે તમારા મોટા મોટા સાધુ તથા

સત્સંગી તેમનો પ્રતાપ તો ઘણો હશે ને તમારી મૂર્તિનો જે પ્રતાપ ને મહિમા તેતો બહુ અધિકજ હશે. માટે તમારા સ્વરુપનું જેમ છે તેમ યથાર્થ મુને જ્ઞાન થાય તેમ કૃપા કરીને  મુને કહો.' ત્યારે શ્રીજી મહારાજે તે ભક્તને કહ્યું જે, 'અંતરની વાર્તા જાણવે કરીને ભગવાનપણાનો નિશ્ચય થાય છે, તો અમારા મોટા મોટા સાધુ તથા સત્સંગી તે અનંત જીવની વાર્તા જાણે એવાછે માટે પૂર્વે થયા જે અવતાર તેમના જેવું ઐશ્વર્ય તો અમારા સાધુ સત્સંગીમાં જણાય છે. ને અમે તો સર્વે અવતારના અવતારી ને અક્ષરધામના પતિ શ્રી પુરુષોત્તમ નારાયણ છીયે, તે અગણિત જીવોના કલ્યાણને અર્થે પ્રગટ થયા છીયે.' તે વાર્તાને સાંભળીને તે ભક્તને શ્રીજી મહારાજના પુરુષોત્તમપણાનો નિશ્ચય થયો. પછી તે ભક્તે શ્રીજી મહારાજના પ્રગટ પુરુષોત્તમપણાની વાર્તા તે બીજા રામાનંદ સ્વામીના જુના હરિભક્ત હતા તેમની આગળ કહી પણ તે વાત તેમના માન્યામાં ન આવી. પછી તે રામાનંદ સ્વામીના નિશ્ચયવાળા હરિભક્ત હતા તેમણે શ્રીજી મહારાજની પાસે આવીને તે નિશ્ચયની વાતો પુછી ત્યારે તેને શ્રીજી મહારાજે કહ્યું જે, 'તમે ધ્યાનમાં બેસો તો જેમ છે તેમ જણાશે.' ત્યારે તે હરિભક્ત ધ્યાનમાં બેઠા તેમને શ્રીજી મહારાજ પોતાની દૃષ્ટિ માત્રે કરીને સમાધિ કરાવતા હતા. તે અક્ષરધામને વિષે અનંત પાર્ષદે સહિત પોતાની દિવ્ય મૂર્તિનું દર્શન કરાવ્યું તથા રામાનંદ સ્વામી તથા બીજા સર્વે અવતાર તે શ્રીજી મહારાજની સેવામાં દીઠા, ને પછી તે સર્વ અવતાર શ્રીજી મહારાજને વિષે લીન થયા એમ દીઠું. પછી તે સર્વેભક્તને શ્રીજી મહારાજનો સર્વોપરિ પુરુષોત્તમપણાનો દ્રઢ નિશ્ચય થયો. પછી તે સર્વ ભક્તને પોતાની દૃષ્ટિ માત્રે કરીને જગાડતા હતા. પછી તે સર્વે ભક્તે કહ્યું જે, 'હે મહારાજ ! તમે તો સર્વોપરિ પુરુષોત્તમ છો તે અગણિત જીવોના કલ્યાણને અર્થે કૃપા કરીને આંહી પધાર્યા છો.' પછી શ્રીજીમહારાજ તે ભક્ત પ્રત્યે બોલ્યા જે, 'આ પુરુષોત્તમ ભગવાન તો આ બ્રહ્માંડને વિષે આવ્યા નથી ને આવશે પણ નહિ માટે આતો સર્વોપરિ મૂર્તિ છે તેમાં કિંચિત્ સંશય નથી.' ॥ ૫ ॥